Postal Regd. No. GRJ-24
Valid Up to 31-12-2011

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LII] WEDNESDAY, 21st DECEMBER, 2011/AGRAHAYAN 30, 1933 [No. 66**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

### સુરત શહેર, મોજે : ઉન વિસ્તારની નગર રચના યોજના, સુરત નં. ૫૯ (ઉન) તૈયાર કરવા બાબત.

## અધિસુચન

નં. ટીપીડી/૫૪૫૯/૨૦૧૧.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૨૮/૨૦૧૧, તા. ૧૪-૧૨-૨૦૧૧થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૫૯ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ઉન વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૧૯ માહે ડિસેમ્બર, સને ૨૦૧૧.

(સહિ) અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

**ઠરાવ :-**

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના તા. ૧૪-૧૨-૨૦૧૧નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૧૫-૧૧-૨૦૧૧નાં પત્ર નં. સી.મી.સ./૮/૧૮ થી વિદિત થઈ, સુચિત નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) તૈયાર કરવા ઈરાદો જાહેર કરવા બાબતે ફાઈલના પાના નં. ૫૯૭ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, (૨) ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું, (૩) તેને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તેમજ (૪) ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૨૮/૨૦૧૧, સર્વાનુમતે મંજુર.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.